# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-05-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. રાજ્યની આઠ હજાર 326 ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર – 22 જૂને મતદાન અને 25 જૂને મત ગણતરી
2. રાજ્યભરમાં આવતીકાલે નાગરિક સંરક્ષણ કવાયત હાથ ધરાશે.
3. મહેસાણાની દૂધસાગર ડૅરીએ દૂધ ઉત્પાદકોના દૂધના ખરીદ ભાવમાં 10 રૂપિયાનો વધારો કર્યો
4. અમદાવાદના ચંડોળા તળાવમાં બાકી રહેલા અડચણરૂપ ધાર્મિક સ્થાનને દૂર કરાયા.
5. રાજ્યમાં આગામી બે દિવસ છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદની આગાહી.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો

# GRAM PANCHAYAT ELECTION

રાજ્યના ચૂંટણી પંચે આજે ગ્રામ પંચાયતોની ચૂંટણીની જાહેરાત કરી છે. આગામી 22 જૂને ચાર હજાર 688 ગ્રામ પંચાયતની સામાન્ય અને ત્રણ હજાર 638 ગ્રામ પંચાયતની પેટા-ચૂંટણી યોજાશે. જ્યારે 25 જૂને મત ગણતરી હાથ ધરાશે. ચૂંટણીની જાહેરાત થતાં જ આજથી આદર્શ આચારસંહિતા અમલમાં આવી છે.

મુખ્ય ચૂંટણી અધિકારી ડૉક્ટર એસ. મુરલીક્રિષ્નાએ જણાવ્યું કે, ચૂંટણી માટેનું જાહેરનામું બીજી જૂને પ્રસિદ્ધ કરાશે. ઉમેદવારો નવ જૂન સુધી ઉમેદવારીપત્ર ભરી શકશે. આ ચૂંટણીમાં રાજ્યના એક કરોડ 30 લાખથી વધુ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. દરમિયાન મતદાન માટે બેલેટ પેપરનો ઉપયોગ કરાશે.

**(BYTE- Dr. S. MURALI KRISHNA, STATE ELECTION COMMISSIONER)**

**ગુજરાત કૉંગ્રેસે ગ્રામ પંચાયતની જાહેર થયેલી ચૂંટણીને આવકારી છે.**

----------------

# MOCK DRILL

ગૃહ મંત્રાલયની સૂચના મુજબ, રાજ્યભરમાં આવતીકાલે નાગરિક સંરક્ષણ કવાયત હાથ ધરાશે. 'ઑપરેશન સિંદૂર'ની સફળતા બાદ આગોતરી તૈયારીના ભાગરૂપે તમામ જિલ્લામાં આવતીકાલે સાંજે પાંચ વાગ્યે "**ઓપરેશન શિલ્ડ**" મૉકડ્રીલ યોજાશે.

મહેસૂલ વિભાગનાં અધિક મુખ્યસચિવ ડૉક્ટર જયંતી રવિએ આજે તમામ જિલ્લાના કલેક્ટર દ્વારા કરાયેલી તૈયારીઓની વર્ચ્યૂઅલ માધ્યમથી સમીક્ષા કરી. તેમણે કહ્યું, કોઈ પણ સંભવિત હુમલા સામેનો પડકાર ઝીલવા આગોતરી તૈયારીના ભાગરૂપે દરેક જિલ્લામાં મૉકડ્રીલ યોજાશે.

(BYTE- DR. JAYANTI RAVI, ADDITIONAL CHIEF SECRETARY)

----------------

# CABINET

આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ માર્કેટિંગ સીઝન 2025-26 માટે ચૌદ ખરીફ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) માં વધારો કરવાની મંજૂરી આપી છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે પત્રકારોને માહિતી આપતા, જણાવ્યું સરકારે ખરીફ પાકના MSP માં વધારો કર્યો છે, જેથી ઉત્પાદકોને તેમના ઉત્પાદન માટે લાભદાયી ભાવ મળે.

મંત્રીમંડળે 2025-26 માટે સુધારેલી વ્યાજ સબસિડી યોજના હેઠળ વ્યાજ સબસિડી ઘટક ચાલુ રાખવાની મંજૂરી આપી છે.

. . . . . . . . . . . . . . . .

# GNR CABINET MEETING

ગાંધીનગરમાં આજે સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં ગુજરાતની સ્થાપનાના 75 વર્ષની ઉજવણી પહેલાના લક્ષ્યાંક અંગે વ્યૂહરચના તૈયાર કરવા અંગે ચર્ચા થઈ. તેમજ રાજ્યમાં કમોસમી વરસાદ અને તેના કારણે પાકને થયેલા નુકસાન અંગેની સમીક્ષા કરવામાં આવી.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના પ્રવાસ દરમિયાન ગુજરાતની સ્થાપનાના 75 વર્ષની ઉજવણી પહેલા મહત્વના લક્ષ્યાંક નક્કી કરવા સૂચન આપ્યું હતું.

----------------

# MEHSANA DUDH SAGAR DAIRY

**મહેસાણાની દૂધસાગર ડેરીએ દૂધ ઉત્પાદકોના દૂધના ખરીદ ભાવમાં દસ રૂપિયાનો વધારો કર્યો છે. આ ભાવવધારો પહેલી જૂનથી અમલમાં આવશે. અમારા પ્રતિનિધિ જણાવે છે, ભાવવધારા બાદ દૂધ ઉત્પાદકોને હવે 820 રૂપિયાની જગ્યાએ 830 રૂપિયા ચૂકવવામાં આવશે. આ વધારાથી પાંચ લાખ જેટલા દૂધ ઉત્પાદકોને વાર્ષિક 48 કરોડ રૂપિયાનો લાભ થશે.**

----------------

## AMDAVAD CHANDOLA LAKE

અમદાવાદના ચંડોળા તળાવ ખાતે અડચણરૂપ કેટલાક ધાર્મિક સ્થાન દૂર કરવાની શરૂઆત કરવામાં આવી છે. અમારા પ્રતિનિધિ જણાવે છે, આ તળાવમાં અગાઉ 12 હજારથી વધુ દબાણ તોડી પડાયા હતા. જોકે, કેટલાક અડચણરૂપ ધાર્મિક સ્થાનને હટાવવાનું કામ બાકી હતું. આજે સવારથી દક્ષિણ ઝૉન અને અન્ય ઝૉનની એસ્ટેટ વિભાગની ટુકડી દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ સ્થાન દૂર કરાયા છે.

અમદાવાદ ગુનાશાખાના DCP, સેક્ટર-2 J.C.P., ઝૉન છના D.C.P. સહિતના ઉચ્ચ અધિકારીઓ અને 500થી વધુ પોલીસકર્મીઓના બંદોબસ્ત વચ્ચે આ દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરાઈ.

----------------

## PLASTIC COLLECTION

‘વિશ્વ પર્યાવરણ દિવસ’ની ઉજવણી નિમિત્તે રાજ્યભરમાં 22 મે-થી પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવાનું અભિયાન ચાલી રહ્યું છે. સત્તાવાર યાદી મુજબ, આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં અંદાજે પાંચ લાખ 70 હજાર કિલો પ્લાસ્ટિક કચરો એકઠો કરાયો છે. તેમજ 66 હજારથી વધુ લોકોએ એક હજારથી વધુ કાર્યક્રમમાં સહભાગી થયા છે.

ઉલ્લેખનીય છે કે, ‘પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા “વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત”ની વિષયવસ્તુ સાથે રાજ્ય સહિત દેશભરમાં આગામી પાંચ જૂન સુધી વિશેષ અભિયાન ચાલી રહ્યું છે.

----------------

## RAJKOT TRAIN

સોમનાથના વેરાવળથી આજે ઉપડનારી વેરાવળ ગાંધીનગર કૅપિટલ એક્સપ્રેસના સમયમાં ફેરફાર કરાયો છે. સત્તાવાર યાદી મુજબ, આ ટ્રેન હવે સાંજે સાડા સાત વાગ્યાની જગ્યાએ એક કલાક ને પંદર મિનિટ મોડી પોણા નવ વાગ્યે ઉપડશે. રાજકોટ ડિવિઝનમાં બ્લોકના કારણે ટ્રેનનો સમય બદલવામાં આવ્યો છે.

----------------

## DAK ADALAT

અમદાવાદમાં આગામી છ જૂને ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ડાક અદાલત યોજાશે. શાહીબાગ વિસ્તારમાં સ્પીડપૉસ્ટ ભવન ખાતે યોજાનારી ડાક અદાલતમાં નીતિ વિષયક મુદ્દા સિવાયની ટપાલ સેવાઓને લગતા અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદનો નિકાલ કરાશે. લોકો આગામી બીજી જૂન સુધી પોતાની ફરિયાદ શાહીબાગની કચેરી ખાતે મોકલી શકશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

----------------

## WEATHER

રાજ્યમાં આગામી બે દિવસ છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જ્યારે આવતીકાલે ઉત્તર અને દક્ષિણ

ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદની સંભાવના છે.

રાજ્યમાં 30 મે-થી કમોસમી વરસાદનું જોર ઘટશે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. બીજી તરફ, માછીમારોને 30 મે-થી પહેલી જૂન સુધી દરિયો ન ખેડવા પણ સૂચન અપાયું હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE- DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

----------------

## RAIN OVERALL -1

રાજ્યમાં કમોસમી વરસાદના કારણે કેટલીક જગ્યાએ ખેડૂતોને નુકસાન થયું છે. તો કેટલીક જગ્યાએ જનજીવનને અસર થઈ છે.

નવસારીના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે, જિલ્લામાં ગત ત્રણ દિવસથી વરસાદી માવઠું જોવા મળ્યું. તેના કારણે અત્યાર સુધીમાં 352 ગામમાં 11 હજાર 603 ખેડૂતની 62 હૅક્ટર જેટલી જમીનમાં ડાંગરના પાકને નુકસાન થયાનો અંદાજ છે.

ડાંગના ગિરિમથક સાપુતારા ખાતે ધોધમાર વરસાદ બાદ વાદળ જમીન પર ઉતરી આવતા મનમોહક નજારો જોવા મળ્યો. બીજી તરફ કેટલાક ગામમાં નુકસાનથી અસરગ્રસ્ત મકાનોને સહાય અપાઈ છે.

સોમનાથ મંદિરની બાજુમાં આવેલા બીચ ખાતે દરિયાઈ કરન્ટ જોવા મળતા પર્યટકો જોખમી રીતે દરિયામાં સ્નાન કરવા ગયા હતા. તેમાંથી બે

લોકો સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ. હજી પણ જે લોકો દરિયામાં સ્નાન કરવા જશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરાશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

સત્તાવાર યાદી મુજબ, સવારે છ વાગ્યાથી બપોરે ચાર વાગ્યા સુધીમાં આઠ તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો. દરમિયાન સૌથી વધુ અડધા ઈંચ જેટલો વરસાદ નવસારીના નવસારી તાલુકામાં વરસ્યો હતો. આ સિવાયના સાત તાલુકામાં અડધા ઈંચથી ઓછો વરસાદ થયાના અહેવાલ છે.

----------------

# MAHISAGAR FARMER GUIDELINES

મહીસાગર જિલ્લાના નાયબ ખેતી નિયામકે ખેડૂતો માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. તેમાં આગામી ખરીફ મોસમમાં ખેડૂતોને જંતુનાશક દવા, બિયારણ અને રાસાયણિક ખાતરની ખરીદી વખતે શું કાળજી રાખવી તે અંગે સૂચન કરાયા છે. આ અંગે નાયબ ખેતી નિયામક જે. ડી. પટેલે વધુ માહિતી આપી.

**(BYTE- J. D. PATEL- AGRICULTURE OFFICER)**

----------------